# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાતની 127 મી કડીમાં આકાશવાણી પરથી પોતાના વિચારો રજૂ કરશે.**
2. **રાજકોટ-દિલ્લી વચ્ચે એક સાથે નવી બે ફ્લાઈટનો આજથી પ્રારંભ.**
3. **રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણ માળી આજે પદગ્રહણ કરશે.**
4. **રાજ્યમાં 56 તાલુકાઓમાં વરસાદ સૌથી વધુ નવસારીમાં છ ઇંચ જેટલો ધોધમાર વરસાદ.**
5. **તહેવારો દરમિયાન રાજકોટના પ્રાણી સંગ્રહાલયની 60 હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની  આ 127મી કડી હશે. હિન્દીમાં  મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# RAJKOT DELHI FLIGHT

આજના લાભપાંચમના પર્વથી રાજકોટ અને દિલ્હી વચ્ચે એક સાથે બે નવી ફ્લાઇટનો પ્રારંભ થશે. આજ થી શરૂ થનાર પ્રથમ ફ્લાઈટમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દિલ્હીથી રાજકોટનો પ્રવાસ કરશે. સાંભળીએ એક અહેવાલ

(વોઇસ કાસ્ટ)

ગુજરાતના રાજકોટ અને દિલ્હી વચ્ચે એર ઇન્ડિયા અને ઇન્ડિગોની એમ કુલ બે નવી ફ્લાઇટ આજથી શરૂ થશે. આ નવી હવાઈ સેવા અંતર્ગત એર ઇન્ડિયાની પ્રથમ ફ્લાઈટમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દિલ્હીથી રાજકોટ

આવશે.નવી હવાઈ સુવિધાથી સ્થાનિક વેપાર ઉદ્યોગને ગતિ મળશે, તેમજ સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે એર ઇન્ડિયા અને ઇન્ડિગો દ્વારા નવી ફ્લાઈટ શરૂ થતા હવે લોકોને મોટી રાહત અનુભવાશે.

એર ઇન્ડિયાની ફ્લાઈટ અઠવાડિયામાં બુધવાર સિવાય તમામ દિવસ એટલે કે અઠવાડિયામાં છ દિવસ સવારે ઉડાન ભરશે તથા ઈન્ડિગો ની ફ્લાઇટ દરરોજ ઉડાન ભરશે.

સૌરાષ્ટ્રમાં સોમનાથ, પોરબંદર અને દ્વારકા જેવા મોટા આસ્થાના કેન્દ્રો આવેલા છે. વળી સૌરાષ્ટ્ર ખાસ કરીને રાજકોટ-જામનગર મોટા ઉદ્યોગનું કેન્દ્ર છે. બે નવી ફ્લાઈટ સેવાથી સૌરાષ્ટ્ર ક્ષેત્રના પ્રવાસનને ખૂબ મોટો વેગ મળશે, કનેક્ટિવિટી સુદ્રઢ થતા વેપાર રોજગારને પણ ગતિ મળશે તેવી આશા સેવાઇ રહી છે.

સંસ્કૃતિ ભૂંડિયા આકાશવાણી સમાચાર અમદાવાદ

---

## MANSUKH MANDAVIYA MULAKAT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી અને પોરબંદર લોકસભા મતવિસ્તારના સાંસદ ડૉક્ટર મનસુખ માંડવિયા આજે રાજકોટ અને પોરબંદરની મુલાકાત લેશે.

દિવાળી નિમિત્તે તેઓ સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરશે. શ્રી માંડવિયા બપોરે એક વાગ્યાથી 3 વાગ્યા સુધી ઉપલેટા, રાજકોટ ખાતે તેમના સાંસદ કાર્યાલય ગોરસ ખાતે સ્થાનિક સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરશે. ત્યારબાદ પોરબંદરની ડૉક્ટર વી.આર. ગોઢાણિયા કોલેજ ખાતે સાંજે 6 વાગ્યાથી રાત્રે 09 વાગ્યા સુધી સ્નેહ સંમેલનમાં હાજરી આપશે.

---

## PRAVIN MALI

મંત્રીમંડળની પુનઃરચના થતા પ્રવીણ માળીનો રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ, પરિવહન અને ક્લાઈમેટ ચેંજ, વિભાગના મંત્રી તરીકે સમાવેશ કરાયો છે. તેઓ આજે તેમનો કાર્યભાર ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે સંભાળશે.

---

## STATE RAIN

રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. દિવાળીના તહેવારો પૂર્ણ થતાં થતાં જ રાજ્યના કેટલાંક સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે.

ગઇકાલે સવારના છ વાગ્યાથી આજે મળસ્કે સવારના ચાર વાગ્યા સુધીમાં 56 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ નવસારીમાં છ ઇંચ કરતાં વધુ , વલસાડના ઉમરગામમાં અને ગીર સોમનાથના સૂત્રાપાડામાં ત્રણ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આજથી 4 દિવસો માટે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે ભાવનગર, બોટાદ, અમરેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જ્યારે અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ

અને દાદરા નગરહવેલી, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

**બાઇટ- રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક હવામાન વિભાગ**

---

## SNEHMILAN

નૂતન વર્ષ નિમિતે કેન્દ્રીય રાજ્યમંત્રી અને ભાવનગરના સાંસદ નીમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને ભાવનગર ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો. આ પ્રસંગે કાર્યકરો અને નગરજનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

વાવ થરાદ જીલ્લાના ગોસણ ગામે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોરની અધ્યક્ષતામાં નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી શંકર ચૌધરી અને મંત્રી સ્વરૂપજી ઠાકોરે દિવાળી અને નુતન વર્ષની ઉજવણી પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

---

## RAJKOT PARK

તહેવારો દરમિયાન રાજકોટના પ્રદ્યુમન પાર્કમાં સહેલાણીઓનો ધસારો જોવા મળ્યો હતો.

નવા વર્ષના દિવસથી આજ સુધી લગભગ 60 હજાર જેટલા સહેલાણીઓએ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી છે. આ પ્રાણી સંગ્રહાલયમાં 65 પ્રજાતિના 592 પ્રાણીઓ અને પક્ષીઓ છે.

સહેલાણીઓએ મોટા પ્રમાણમાં લીધેલી મુલાકાતના પગલે રાજકોટ મહાનગર પાલિકાને 11 લાખ 50 હજારથી વધુની આવક થઇ હોવાનું પ્રાણી સંગ્રહાલયના સંચાલક આર.કે. હિરપરાએ જણાવ્યુ હતું.

**બાઇટ- આર.કે.હિરપરા, પ્રાણી સંગ્રહાલયના સંચાલક**

---

## STATUE OF UNITY MEETING

એકતા નગર ખાતે આગામી તારીખ 30 અને 31મી ઓક્ટોબરના રોજ સરદાર પટેલની 150મી જન્મ જયંતિના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી થશે.આ ઉજવણી બાદ ભારત પર્વ પણ 1થી 15 નવેમ્બર સુધી યોજાશે.

ભારત પર્વની ઉજવણીની તૈયારી ઓ અંગે પણ વિવિધ સમિતીઓ દ્વારા પૂર્વ તૈયારી પૂર જોશમાં કરવામાં આવી રહી છે. આ કામગીરીની સમીક્ષા અર્થે ગુજરાત પ્રવાસન નિગમના સચિવ ડૉ. રાજેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં શનિવારે વહીવટી સંકુલ-એકતાનગર કોન્ફરન્સ હોલમાં બેઠક યોજાઈ હતી.

આ બેઠક પૂર્વે સચિવે એકતાનગરના કોયારી , ગરૂડેશ્વર મામલતદાર કચેરી પાસે અન્ય જિલ્લામાંથી એકતા દિવસની ઉજવણીમાં સામેલ થનારા નાગરિકો-દર્શકો-આમંત્રિત ફરજ પર પધારનાર અધિકારી-કર્મચારીઓ માટે બનાવેલા વિવિધ

ડોમ, તેમના માટે રહેવા-જમવાની તમામ વ્યવસ્થાઓ અને મામલતદાર કચેરીની સામે ઊભા કરાઈ રહેલા કન્ટ્રોલો રૂમ , જંગલ સફારી પાર્કની સામે બનાવેલા ક્રાફ્ટ અને ફૂડ સ્ટોલ એરિયાની મુલાકાત કરી હતી. સચિવશ્રીએ તમામ સ્થળોની મુલાકાત વેળાએ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ , વિવિધ કમિટીના સભ્યો અને સંબંધિત એજન્સીના પ્રતિનિધિઓ સાથે જરૂરી ચર્ચા કરી ખૂટતી કડીઓ પૂરવા અને ઝડપભેર કામગીરી પૂર્ણ કરી આખરી ઓપ આપવા સૂચના આપી હતી.

---

## AIR SHOW CANCELLED

અમદાવાદમાં 'સૂર્યકિરણ' એરોબેટિક એર શો સાબરમતી રિવરફ્રન્ટ પર આજે યોજાનારો એર શો રદ કરવામાં આવ્યો છે. હવે આગામી 31મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જ એર શો યોજશે.વાયુ સેના દ્વારા ગુજરાતમાં 24મી ઓક્ટોબર મહેસાણામાં તેમજ 26મી ઓક્ટોબરે અમદાવાદમાં એર શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણામાં સફળતાપૂર્વક એર શો યોજાયો હતો. આ એર શોના રોમાંચને મોટી સંખ્યામાં લોકોએ માણ્યો હતો.

---

## AMBAJI MANDIR VYAVSTHA

શક્તિપીઠ અંબાજી ખાતે દિવાળી તહેવાર દરમિયાન ભક્તોનો માનવ મહેરામણ જોવા મળી રહ્યો છે. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને દર્શન માટેની વ્યવસ્થા સાથે યાત્રાળુઓ માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેમ અંબાજી મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ જણાવ્યું હતું.

**(બાઈટ - કૌશિક મોદી. વહીવટદાર અંબાજી મંદિર)**

---

## TRAIN ARRAGNEMENTS

અમદાવાદ સહિત  વડોદરા અને સુરત રેલવે સ્ટેશનો ઉપરથી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

રેલવે સ્ટેશનો ઉપર સીસીટીવી અને પ્રાથમિક જરૂરિયાતોની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું.

**(બાઇટ – વિવેક કુમાર ગુપ્તા – જનરલ મેનેજર, રેલવે)**

---

## JUNAGADH

શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા એ ગઈકાલે  જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર આવેલ અંબાજી માતાના દર્શન કર્યા હતા. ઉડાન ખટોલાની સવારી કરી મંત્રી અંબાજી પહોંચ્યા હતા અને માં ના દર્શન કરી રાષ્ટ્ર વિકાસની પ્રાર્થના કરી હતી. મંદિર પરિવાર તરફથી ડો વાજાનું માતાજી ની ચુંદડી ઓઢાડી સ્વાગત કરવા આવ્યું હતું. આ પૂર્વે મંત્રી એ જૂનાગઢની સહકારી કો ઓપરેટિવ બેંક ની પણ શુભેરછા મુલાકાત લીધી હતી.

---